## ગ્વિન શોટવેલ

# ચંદ્ર પર AIને લઈ જવાનો ઈતિહાસ લખી રહેલી એક કમાલની એન્જિનિયર



50 વર્ષ પછી, અમેરિકા ફરીથી ચંદ્ર પર જઈ રહ્યું છે- આ વખતે લાંબો સમય રહી શકાય તેવી 'ઘર-વખરી' સાથે. અને તેના માટે સાથે 'ઘરની માલિકણ' પણ હશે; એક કેનેડિયન મહિલા અવકાશયાત્રી. આ 'ઘર' 21મી સદીનું હશે, એટલે તેમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પણ હશે. સંભવતઃ આ પ્રવાસ 2028માં થશે. 1969માં, અમેરિકાએ ચંદ્ર પર પગ મૂકીને ક્રાંતિ સર્જી હતી. હવે એ ક્રાંતિને નવી દિશા આપવામાં આવી રહી છે; લક્ષ્ય એ છે કે ચંદ્ર પર કાયમી 'ઘર' બનાવવું અને ત્યાંથી મંગળ પર જવા માટેનો રસ્તો આસાન બનાવવો.

આ મિશનના કેન્દ્રમાં ગ્વિન શોટવેલ નામની 62 વર્ષની એક મહિલા બિઝનેસવુમન અને એન્જિનિયર છે. અમેરિકામાં આજકાલ આ મહિલા બહુ ચર્ચામાં છે અને કેમ ન હોય! નાસાને ફરીથી ચંદ્ર પર લઈ જવાના મિશનમાં ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપની સક્રિય પાર્ટનર છે અને ગ્વિન શોટવેલ તેની પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર છે. તેનું આજકાલ એક જ મહત્ત્વાકાંક્ષી મિશન છે; બે વર્ષના ગાળામાં એક એવી અત્યાધુનિક સ્ટારશિપ બનાવવી, જે લાંબો સમય સુધી મનુષ્યને ચંદ્ર પર રાખી શકે.



ઈલિનોઈસમાં જન્મેલી ગ્વિનની પાસે એન્જિનિયરિંગનો 40 વર્ષનો અનુભવ છે. તે પાંચ વર્ષની હતી ત્યારે તેણે નિલ આર્મસ્ટ્રોંગને ચંદ્ર પર લઈ ગયેલા એપોલો-11 મિશનને ટેલિવિઝન પર જોયું હતું. તે વખતથી તેના બાળમાનસ પર અંતરિક્ષને લઈને ઘણું વિસ્મય હતું. એન્જિનિયરિંગનું ભણ્યા પછી, કારકિર્દીની શરૂઆતમાં તે જે દિવસે IBMમાં ઈન્ટરવ્યૂ આપવા ગઈ હતી, તે જ દિવસે સ્પેસ શટલ ચેલેન્જર તૂટી પડ્યું હતું. યુવાન ગ્વિન આ સમાચારથી એટલી વ્યથિત થઈ ગઈ હતી કે સરખી રીતે ઈન્ટરવ્યૂ આપી શકી નહોતી અને એ નોકરી ન મળી.

એક ઈન્ટરવ્યૂમાં ગ્વિન કહે છે, "મને બાળપણથી જ મશીનોમાં દિલચસ્પી હતી. હું ત્રીજા ધોરણમાં હતી અને મારી મા સાથે કારમાં જતી હતી ત્યારે મને સવાલ થયો હતો કે તેનું એન્જિન કેવી રીતે કામ કરે છે. તે સમજવા માટે માએ મને એક પુસ્તક લાવી આપ્યું હતું અને પછી તો હું એન્જિન, ગિયર અને ડિફરૅંશિયલ્સ પાછળ ગાંડી થઈ હતી. મને ખબર નથી એ પુસ્તક ક્યાં ગયું...પણ હાઈસ્કૂલમાં હું મહિલા એન્જિનિયરોને મળી હતી અને ત્યારે જ નક્કી કરી નાખ્યું હતું કે હું એક મિકેનિકલ એન્જિનિયર બનીશ."



આપણે ત્યાં ભારતમાં જેમ છોકરાઓ એન્જિનિયર બનવાનાં સપનાં જુવે છે, તેમ અમેરિકાના યુવાનો રોકેટ બનાવવાની યોજનાઓ કરતા હોય છે. ઈલોન મસ્ક એવી જ મહત્ત્વાકાંક્ષા સાથે મોટો થયો હતો અને તેના જેવા જ ઉત્સાહી લોકોની સાથે ટીમ બનાવતો હતો. ગ્વિન શોટવેલ માઈક્રોકોઝમ નામની એક કંપનીના સ્પેસ સિસ્ટમ ડિવિઝનમાં ડિરેક્ટર હતી, ત્યારે 2002માં ઈલોને તેને સ્પેસએક્સમાં આમંત્રી હતી.

આજે તે મસ્કનો ડાબો-જમણો બંને હાથ છે અને અંતતઃ મંગળ પર જવાના મસ્કના સપનાને સાકાર કરવા માટે મથી રહી છે. તેની સફર બતાવે છે કે કોઈ પણ મોટા પરિવર્તન પાછળ માત્ર વિચાર પૂરતો નથી, તેને અમલમાં મૂકવાની ક્ષમતા અને અનુશાસન વધુ મહત્ત્વપૂર્ણ છે. ગ્વિને મિકેનિકલ એન્જિનિયરિંગ અને એપ્લાઈડ મેથેમેટિક્સ જેવા કઠીન ક્ષેત્રોમાં અભ્યાસ કર્યો છે, જ્યાં લાંબા સમય સુધી મહિલાઓની સંખ્યા મર્યાદિત રહી છે પરંતુ તેણે આ પડકારને અવરોધ તરીકે નહીં પણ પોતાની ઓળખ બનાવવા માટેનો માર્ગ બનાવ્યો હતો.

તે સમય એવો હતો, જ્યારે સ્પેસએક્સ એક જોખમી સ્ટાર્ટઅપ હતી અને તેનું ભવિષ્ય અનિશ્ચિત હતું. ગ્વિને માત્ર એક કર્મચારી તરીકે નહીં પરંતુ એક એવા નિર્માતા તરીકે ત્યાં કામ કર્યું હતું, જેણે કંપનીની વ્યાપારિક વ્યૂહરચના, સરકારી કરારો અને સંચાલનની પાયાની રચના કરી હતી.



તેની સૌથી મોટી શક્તિ રહી છે, ટેક્નોલોજી અને મેનેજમેન્ટ વચ્ચે મજબૂત સેતુ બનવાની. જ્યારે એન્જિનિયરિંગ ટીમો જટિલ તકનીકી સમસ્યાઓ ઉકેલી રહી હતી, ત્યારે શોટવેલે ખાતરી કરી કે આ ઉકેલો યોગ્ય ગ્રાહક સુધી, યોગ્ય સમયમાં અને યોગ્ય કિંમત પર પહોંચે. તેણે નાસા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે મહત્ત્વપૂર્ણ કરારો કર્યા હતા, જે કોઈ નવી કંપની માટે જીવનદાન સમાન હોય છે. આ રીતે તેણે સાબિત કર્યું કે માત્ર ટેક્નિકલ જ્ઞાન પૂરતું નથી પણ વ્યાવસાયિક સમજ અને વાટાઘાટો કરવાનું કૌશલ્ય પણ એટલાં જ જરૂરી છે.

શોટવેલનું જીવન મહિલાઓ માટે ખાસ પ્રેરણા સમાન છે. તેણે એવા ક્ષેત્રમાં પોતાની ઓળખ ઊભી કરી, જે લાંબા સમય સુધી પુરુષપ્રધાન રહ્યો છે. અવકાશ ઉદ્યોગમાં કામ કરવું સહેલું નથી; તેમાં દીર્ઘદ્રષ્ટિ, વર્ષોનું આયોજન, વિશાળ રોકાણ અને નિષ્ફળતાઓમાંથી શીખવાની ક્ષમતા જોઈએ. શોટવેલે વારંવાર સાબિત કર્યું છે કે તે માત્ર વર્તમાન નહીં પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને નિર્ણયો લે છે. આ ગુણ ભારતીય યુવાઓ માટે ખાસ મહત્ત્વપૂર્ણ છે કારણ કે આજની ઝડપી દુનિયામાં ધીરજ અને લાંબા ગાળાની વિચારસરણી ઘણી વાર ઓછી જોવા મળે છે.

શોટવેલે પોતાના કાર્યથી સાબિત કર્યું કે પ્રતિભા અને સમર્પણ સામે કોઈ અવરોધ ટકી શકતો નથી. ભારતમાં પણ રિતુ કરીધાલ અને મુથૈયા વનિતા જેવી મહિલાઓ આ બદલાવનું પ્રતીક છે પરંતુ તેમની વાર્તાઓને વધુ વ્યાપક રીતે પહોંચાડવાની જરૂર છે.

શોટવેલ આપણને એ પણ શીખવે છે કે સફળતા માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી- તે એક સિસ્ટમનું પરિણામ છે. તેણે અમેરિકાની એક એવી ઈકોસિસ્ટમમાં કામ કર્યું, જ્યાં શિક્ષણ, ઉદ્યોગ, સરકાર અને સમાજ, બધા એકબીજા સાથે જોડાયેલા છે. આ સિસ્ટમ પરસ્પર વિરોધી નહીં, પૂરક તરીકે કામ કરે છે અને એટલા માટે જ મસ્ક જેવો એક ખાનગી ઉદ્યોગસાહસિક રોકેટ બનાવી શકે છે અને શોટવેલ જેવી મહિલા એવી કંપનીનું સંચાલન કરી શકે છે. ભારતે આ શીખવા જેવું છે. તેણે જો અસલી અર્થમાં વિશ્વગુરુ બનવું હશે તો તેની બધી સિસ્ટમને આપસમાં જોડવી પડશે. જ્યારે શાળાઓમાં જિજ્ઞાસા ઊભી થશે, કોલેજોમાં તેને દિશા મળશે અને ઉદ્યોગમાં તેને અવસર મળશે ત્યારે જ આપણે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકીશું. ગ્વિન શોટવેલની કહાની માત્ર એક વ્યક્તિની સફળતાની કહાની નથી પરંતુ તે એક એવી વિચારસરણીની કહાની છે, જે સપનાંઓને હકીકતમાં બદલવાની શક્તિ ધરાવે છે. ભારતના યુવાઓ માટે, ખાસ કરીને જેઓ મોટાં સપનાં જુએ છે પરંતુ તેમનો માર્ગ સ્પષ્ટ નથી, શોટવેલ એક માર્ગદર્શક સમાન છે. તે સાબિત કરે છે કે મોટા પરિવર્તન માટે માત્ર કલ્પના નહીં પરંતુ સતત મહેનત, યોગ્ય વ્યૂહરચના અને ધીરજ જરૂરી છે.



**આપણે ત્યાં ભારતમાં જેમ છોકરાઓ એન્જિનિયર બનવાનાં સપનાં જુવે છે, તેમ અમેરિકાના યુવાનો રોકેટ બનાવવાની યોજનાઓ કરતા હોય છે. ઈલોન મસ્ક એવી જ મહત્ત્વાકાંક્ષા સાથે મોટો થયો હતો અને તેના જેવા જ ઉત્સાહી લોકોની સાથે ટીમ બનાવતો હતો**

---

# ધુરંધર-દર્શન



ફિલ્મ 'ધુરંધર' અને તેના બીજા ભાગે ઘણા રેકોર્ડ તોડી નાખ્યા છે. તેમાં સાવ નજીકના ભૂતકાળની હકીકતોની સદંતર જૂઠી રજૂઆતના રેકોર્ડનો સમાવેશ પણ કરી શકાય. 'શોલે'માં ગામમાં વીજળી ન હોવા છતાં, પાણીની ઓવરહેડ ટાંકી હતી. મસાલા ફિલ્મોના એવા ગોટાળા (કે છૂટછાટો) તરફ લોકોનું ધ્યાન પડ્યા પછી, તેની મજાક થતી રહે છે પણ કોઈ તેને પ્રોપેગન્ડા (જૂઠો પ્રચાર) કહેતું નથી કારણ કે, તેમાં ગબ્બરસિંઘ પાકિસ્તાની નથી અને જય-વીરુને ઈન્દિરા ગાંધીએ મોકલ્યા હતા, એવું દર્શાવાયું નથી.

જ્યારે 'ધુરંધર'માં હાલની સરકારનું રાજ શરૂ થતાં પહેલાં ખતમ કરાયેલા પાકિસ્તાની ગુંડા-ત્રાસવાદીઓના અંતનો જશ, સચ્ચાઈની સદંતર અવગણના કરીને, વર્તમાન વડા પ્રધાનને પહેરાવી દેવાયો છે. વર્તમાન વડા પ્રધાનની નિષ્ફળતાઓ ઢાંકવા માટે જ નહીં, તેને ઝળહળતી સફળતા તરીકે ખપાવવા માટે ફિલ્મે જેટલી મહેનત કરી છે એટલી મહેનત સરકારે કરી હોત તો કદાચ આવી ફિલ્મો બનાવવાની જરૂર ન પડત.

ફિલ્મને વ્યાપક સફળતા મળતાં, ગેલમાં આવી ગયેલાં વાજિંત્રો 'પ્રોપેગન્ડા કિયા તો ડરના ક્યા' ગાવા લાગ્યાં છે. આ એ વાજિંત્રો છે, જે સામાન્ય રીતે માનતાં હોય છે કે વર્તમાન સરકાર (ગમે તેવા ગોટાળા કરીને) ચૂંટણી જીતી જાય, ત્યાર પછી તેને મન ફાવે તે કરવાનો હક છે. તેમનો શબ્દકોશ નૈતિકતા કે સાચજૂઠ જેવા શબ્દોથી અભડાયેલો નથી. તેમના માટે કોઈ પણ ભોગે- કોઈના પણ ભોગે મેળવેલી સફળતા એ સર્વ ચર્ચાનો અંત છે. એટલે જ, કેટલાંક વાજિંત્રો જૂઠા પ્રચાર-પ્રોપેગન્ડાને લોકશાહીના જન્મસિદ્ધ હક તરીકે ગણાવવા થનગની રહ્યાં છે. 'ગર્વથી કહો, અમે જૂઠાં છીએ'- એવું સૂત્ર હજુ આવ્યું નથી, પણ એટલું જ બાકી હોય એવું સોશ્યલ મિડિયા પર જોતાં લાગે છે.

અત્યાર સુધીના અનુભવે ગુજરાતના નાગરિકો જૂઠશાસ્ત્રને સમજવામાં ઠીક ઠીક પારંગત થઈ ગયા હોવા જોઈએ. આ શાસ્ત્રનું પહેલું પગથિયું છેઃ ઈન્કાર. ધરાર જૂઠું બોલવાનું અને તે જ સાચું છે, એવું રટણ કરવાનું. જે કોઈ જૂઠાને જૂઠું કહે, તે દેશવિરોધી. પછી આવાં જૂઠાણાં સામે તથ્યોનો વરસાદ ચાલુ રહે, તો બીજું પગથિયું છેઃ શંકા. સ્પષ્ટમાં સ્પષ્ટ તથ્ય હોય, તેને ઢસડીને 'હોઈ પણ શકે, ન પણ હોઈ શકે, કંઈ કહેવાય નહીં' સુધી લઈ આવવાનું. ત્યાર પછી દરેકે દરેક હકીકત શંકાના દાયરામાં આવી જાય, એટલે જૂઠાણાંને કે અર્ધસત્યનો નવા સત્ય તરીકે સ્થાપવાનું મેદાન મોકળું થઈ જાય. પોતાની પાસે અબાધિત સત્તા હોય ત્યારે તો ખાસ. એ કામ થયા પછી આત્મવિશ્વાસમાં વધારો થાય એટલે ત્રીજું પગથિયું આવે.

તેમાં એવું આવે કે કેમ, અમને જૂઠું બોલવાનો અધિકાર નથી? બધા જૂઠું બોલતા હોય છે, તો અમે પણ કેમ ન બોલીએ? હવે તમે પસંદગી કરો. ''તમારે રાષ્ટ્રવાદી-ધર્મપ્રેમી જૂઠાં જોઈએ છે કે રાષ્ટ્રવિરોધી-ધર્મવિરોધી જૂઠાં?'' પછી કોઈ તેમના કહેવાતા



રાષ્ટ્રવાદ અને ધર્મપ્રેમ વિશે સવાલો કરે, ત્યારે પગથિયું ચોથું. તેમાં આવા સવાલો કરનારને રાષ્ટ્ર અને ધર્મ સામે સવાલો કરનારાં તરીકે ચીતરવાના, ધોંસ જમાવવાની, ગુંડાગીરી કરવાની અને જીતી ગયા, જીતી ગયા કરીને વાત પૂરી કરી દેવાની.

અગાઉ જણાવેલાં પગથિયાં સ્થળકાળનાં બંધનથી પર, લગભગ સનાતન સત્યનો દરજ્જો મેળવે એવાં છે. રશિયા હોય કે જર્મની, ઉત્તર પ્રદેશ હોય કે ગુજરાત. તેમને સફળતાપૂર્વક લાગુ પાડી શકાય છે. તે પગથિયાં અમલમાં મૂકનારા લોકો માટે એવું બિલકુલ કહી શકાય નહીં કે તેઓ શું કરી રહ્યા છે. તેની તેમને ખબર નથી. તેમને પૂરેપૂરી ખબર હોય છે કે તેઓ શું કરી રહ્યા છે. બલ્કે, એ ખબર હોવાથી જ તેઓ તે કરી રહ્યા છે. ફિલસૂફીના અંદાજમાં કહી શકાય કે છેવટે પાઘડીનો વળ છેડે આવશે અને જૂઠનો પર્દાફાશ થશે કેમ કે, દુનિયામાં કોઈ જૂઠ અમરપટો લઈને આવતું નથી. પરંતુ કવિપ્રશ્ન પણ એટલો જ અગત્યનો છે, "ક્યારે? બધું ભસમ થઈ જાય ત્યારે?"

'ધુરંધર' ફિલ્મ કાલ્પનિક છે અને તેને વાસ્તવિકતા સાથે કશી લેવાદેવા નથી. એટલું ડીસ્ક્લેમર તેના માટે પૂરતું નથી. તેનું ડીસ્ક્લેમર કંઈક આ પ્રકારનું હોવું જોઈએ.

'આ ફિલ્મની કથા અને તેનાં પાત્રોને કોઈ જીવિત કે મૃત બાયોલોજિકલ પાત્રો સાથે સંબંધ નથી. તેમાં વિગતોને ઈરાદાપૂર્વક ખોટી બતાવવામાં આવી છે. તેને ભૂલ ગણવાની

**આ ફિલ્મની કથા અને તેનાં પાત્રોને કોઈ જીવિત કે મૃત બાયોલોજિકલ પાત્રો સાથે સંબંધ નથી. તેમાં વિગતોને ઇરાદાપૂર્વક ખોટી બતાવવામાં આવી છે. તેને ભૂલ ગણવાની ભૂલ કરવી નહીં**

ભૂલ કરવી નહીં. તે અમારો ઈરાદો અથવા કહો કે, માસ્ટર સ્ટ્રોક છે માટે ભૂલો દુરસ્ત કરવા માટે સંબંધિત પાત્રોનાં મૃત્યુની સાલવારી, તેમનાં મૃત્યુ થયાં ત્યારે ભારતમાં કઈ સરકાર હતી કે એ પ્રકારનાં બીજા, અમારી કથાને નડતરરૂપ તથ્યો આપવાની કોશિશ કરવી નહીં.

આ ફિલ્મ બનાવવા માટે સત્ય, તથ્યો અને હકીકતો સિવાય બીજા કોઈને ઈજા પહોંચાડવામાં આવી નથી. આખી ફિલ્મ અમે કોના ચરણકમળમાં કે કમળ-ચરણમાં સમર્પણભાવ સાથે રજૂ કરી રહ્યા છીએ, તેનો ઉલ્લેખ ફિલ્મની શરૂઆતમાં કર્યો નથી કે કેટલાંક લોકોની જેમ, અમે ઉઘડતી ફિલ્મે તેમનો ફોટો પણ મૂક્યો નથી. તમે ફિલ્મ જોશો એટલે તમને અલગથી કહેવું નહીં પડે. છેવટે સૌને એટલું જ કહેવાનું કે આખી ફિલ્મમાં કાળક્રમના દોષ, ખોટી હકીકતો, જૂઠાં વખાણ, જૂઠાં આરોપો આવું બધું ગણવા બેસવાને બદલે, એવી પ્રાર્થના કરજો કે એક દિવસ આ દેશમાં એવી સરકાર આવે, જે પ્રોપેગન્ડા ફિલ્મોની સ્ક્રીપ્ટમાં નહીં, વાસ્તવમાં કંઈક કરીને બતાવે.'

---

## ઈશિતાનું અલકમલક

### ૭ શ્વાનની હેરતભરી સાહસકથા

એક બહુ જાણીતી ઉક્તિ છે કે 'હર કૂત્તે કે દિન આતે હૈ' અર્થાત કૂતરાં જેવા પ્રાણીનો પણ એક દિવસ આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો નબળી વ્યક્તિનું નસીબ પણ એક દિવસ જાગે છે. 'હર કૂત્તે' વાળી ઉક્તિ આજકાલ ચીનમાં સાચી સાબિત થઈ રહી છે. અઠવાડિયા પહેલાં ચીનથી એક વીડિયો ક્લિપ વહેતી થઈ. ગણતરીના બે-ત્રણ દિવસમાં જ બે લાખથી વધુ 'લાઈક' મેળવનારી આ વીડિયો ક્લિપે જગતભરના સોશ્યલ મીડિયાને ગજબનું ઘેલું લગાડી દીધું છે.



વાત કંઈક આમ છે - એક ઢળતી સાંજે ઉત્તરપૂર્વીય ચીનના હાઇ-વે પર ડ્રાઈવ કરી રહેલાં એક ટ્રક ડ્રાઈવરે જોયું કે અતિવ્યસ્ત ટ્રાફિક વચ્ચે હાઈ-વેના એક કિનારે ગભરાયેલાં-મૂંઝાયેલાં સાત કૂતરાનું એક જૂથ ધીરે ધીરે જઈ રહ્યું હતું. પેલા ટ્રક ડ્રાઈવરને કુતૂહલ થયું કે આ રીતે ૭ શ્વાનની આ ટોળી ક્યાં જઈ રહી છે? એણે કૂતરાંના જૂથના સમાંતરે પોતાની ટ્રક ચલાવી અને એની એક વીડિયો ક્લિપ શૂટ કરી ચીની વેબ સાઈટ 'વીઈક્ષિન' પર પોસ્ટ કરી, જ્યાંથી લૂયુ નામના ચીની યુવાને 'ડોયુન' તથા 'સિના વેબ બો' જેવાં લોકપ્રિય સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એ ક્લિપને વહેતી કરી. પછી તો પેલા ૭ શ્વાનની હાઈ-વે યાત્રાની વધુ વિગતો જાહેરમાં આવવાની શરૂ થઈ ગઈ. એ અનુસાર આ સાત કૂતરાંને અલગ અલગ ઘરોમાંથી ચોરીને કતલખાનામાં લઈ જવામાં આવી રહ્યાં હતાં. 'કૂતરાનું સ્વાદિષ્ટ માંસ' ચીનાઓની માનીતી વાનગી હોવાથી ત્યાં પાળેલાં શ્વાનોની અવારનવાર ચોરી થાય છે પણ આ સાતેય શ્વાનને તક મળતાં કતલખાનાનાં પરિવહન વાહનમાંથી છટકી ગયા. એ સાતેય બહુ ઊંચી નસ્લના પાળેલાં પ્રાણી હતાં એટલે તે સાતેય હાઈ-વે પર આવીને સમૂહમાં પોતપોતાના ઘેરની દિશા તરફ જવા નીકળી પડ્યાં હતાં. એમના જૂથમાં એક જર્મન શેફર્ડ ડોગ ઘવાયો હતો માટે બાકીના છ એની સંભાળ લેતાં ધીમી ગતિએ બે દિવસમાં ૧૭ કિલોમીટરની હાઈ-વે યાત્રા કરી હતી... એ પછી 'શ્વાન સુરક્ષા સંસ્થા'ની એક ટીમે આ સાતેય ચોરાયેલાં શ્વાનને એમના માલિકોને પરત પહોંચાડી દીધા... આ સાતેય ડોગની સાહસકથાની વ્યાપક થયેલી વીડિયો ક્લિપ પછી એને દર્શકોએ ૧૯૯૩ની લોકપ્રિય નીવડેલી હોલિવૂડ ફિલ્મ હોમવર્ડ બાઉન્ડ સાથે સરખાવી હતી, જેમાં એક શ્વાનના સાહસની વાત હતી. સોશ્યલ મીડિયા પર આ ડોગ-સ્ટોરીને લઈને વાદ-વિવાદ પણ થયા છે. ચીનની એક સરકારી સંસ્થાના કહેવા અનુસાર દેશમાં ડોગ મીટ પર કડક પ્રતિબંધ છે એટલે સાત કૂતરાઓને ગેરકાયદેસર કૂતરા-માંસના વેપાર માટે ચોરવામાં આવ્યા હતા આ આખી સ્ટોરી કપોળકલ્પિત છે... એટલું જ નહીં, હાઈ-વે પર જઈ રહેલું સાત શ્વાનના જૂથની નાટકીય તસવીરો-વીડિયો તો AI ની મદદથી 'સર્જવા'માં આવ્યાં છે!

### ૫૯ વર્ષ જૂની આ ફિલ્મ આજે ચર્ચામાં કેમ?

તાજા સમાચાર એ છે કે 'નાસા'નું અવકાશયાન 'ઓરાયન' ચન્દ્રની ફરતે ૧૦ દિવસની યાત્રા માટે રવાના થઈ ગયું છે. એ પછી ૫૦ વર્ષે 'નાસા'નું સૌથી મોટું સમાનવ અવકાશી મિશન 'આર્ટિમસ-ટુ'ની પણ અત્યારથી તડામાર તૈયારી શરૂ થઈ ગઈ છે. આ બન્ને સમાચાર અંતરિક્ષ-બ્રહ્માંડ અને ખગોળશાસ્ત્રમાં રસ ધરાવનારા માટે ઉત્તેજના જગાડે એવા છે. 'મુન મિશન'ના આ સમાચારની સમાંતરે ૫૯ વર્ષ જૂની આપણી જ એક ફિલ્મ યાદ કરવી જોઈએ.



એ છે આપણા પહેલવાન વીર વત્તા અભિનેતા દારા સિંહની ફિલ્મ 'ચાંદ પર ચઢાઈ'. હિંદી ફિલ્મજગતની આ પહેલી વિજ્ઞાનકથાની ફિલ્મ ગણાય છે. ૧૯૬૭માં પ્રદર્શિત થયેલી આ ફિલ્મના હીરો હતા દારા સિંહ, જેમણે અવકાશયાત્રી કેપ્ટન આનંદનો રોલ કર્યો હતો. પોતાના સાથી અવકાશયાત્રી ભાગુની સાથે ચંદ્ર પર ચઢાઈ કરીને એમનું અવકાશયાન ચંદ્રની ધરતી પર ઊતરાણ કરે છે, પછી એ પરલોક ગ્રહના દુશ્મનો સાથે 'ઢિશુમ...ઢિશુમ' થાય છે. એ જમાનાની આ ફિલ્મમાં અંતરિક્ષ યાત્રા કરતું યાન અને સ્પેસસ્યુટનાં દ્રશ્યો જોઈને દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ક્યારેક અશક્ય લાગતી કલ્પના પણ વિજ્ઞાનની મદદથી સાકાર પણ થઈ જાય છે. આપણી એ ૫૮ વર્ષ પહેલાંની એ હિન્દી ફિલ્મમાં ઈ-મેલ, વીડિયો કોલ, રોબો વત્તા AI-આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીનો ઉલ્લેખ અને ઉપયોગ પણ દર્શાવ્યો હતો! એ ફિલ્મમાં દારા સિંહની સાથે અનવર હુસેન, ભગવાન, હેલન અને પદ્મા ખન્ના જેવા કલાકારો પણ હતા. એમાં લતાજી, મહમદ રફી, આશા, કમલ બારોટ જેવાં ગાયકો હતાં. મ્યુઝિક આપ્યું હતું ઉષા ખન્નાએ. માનવીએ ચંદ્રની ધરતી પર ૧૯૬૯માં પગ મૂક્યો, એના બે વર્ષ પહેલાં હોલિવૂડની 'ધ મૂન વોક' રજૂ થઈ હતી. એ ફિલ્મની કથા પર આધારિત દારા સિંહની ફિલ્મ 'ચાંદ પર ચઢાઈ' (૧૯૬૭) ભારતની પ્રથમ સાયન્સ ફિક્શન ફિલ્મ હતી પરંતુ કમનસીબે બોક્સ ઓફિસ પર એનું ક્રેશ લેન્ડિંગ થયું હતું!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» તાજેતરમાં જ આપણે 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવો અને જીવવા દો' જેવા શાશ્વત સંદેશ આપનારા ભગવાન મહાવીરનો જન્મોત્સવ ઉજવ્યો. આ અવસરે 'અહિંસા'ને લઈને એક સર્વે થયો, જેનાં અમુક તારણ રસપ્રદ છે, જેમ કે...- આજે ૩૦૦થી વધુ મહાવિદ્યાલયોમાં અહિંસા અને પીસ અર્થાત્ શાંતિ પર વિશેષ અભ્યાસક્રમ છે. અત્યારે 'પીસ ટુરિઝમ' તરીકે પર્યટનની એક અલગ કેટેગરી- શાખા લોકપ્રિય બની રહી છે. વિશ્વમાં ભારત સહિત ૮૦૦ જેટલાં સ્થળ એવાં છે, જ્યાં પર્યટકો યુદ્ધ નહીં, શાંતિ 'જોવા અને અનુભવવા' જાય છે. - 'અહિંસા' વિષય પર ૫૦ હજારથી પણ વધુ પુસ્તકોનું આલેખન થયું છે. - એ જ રીતે, 'અહિંસા' પર ૧ હજારથી પણ વધુ ફિલ્મ્સ અને ડોક્યુમેન્ટરીઝ બની છે. અહિંસક સંઘર્ષ દર્શાવવા માટે કેટલીક ફિલ્મ્સને નામાંકિત પારિતોષિક મળ્યાં છે. 'શિન્ડલર્સ લિસ્ટ' ફિલ્મને તો ૭ ઓસ્કર પણ એનાયત થયાં છે!

» મુંબઈ-નાગપુર વચ્ચેના ૭૦૧ કિલોમીટર એટલે કે ૪૩૬ માઈલના માર્ગને સાંકળી લેતા એક નવા એક્સપ્રેસ હાઈ-વેનું નામ છે 'સમૃદ્ધિ મહામાર્ગ'. દેશના આ સૌથી લાંબા રાજમાર્ગનું નામ રૂવાબદાર છે પણ કમનસીબે આ મહામાર્ગ શરૂ થયો છે ત્યારથી એક પછી એક વાહનોનાં ગમખ્વાર અકસ્માત થતાં જ રહે છે. અહીં આ અઠવાડિયે જ એક ટ્રક મજૂરો પર ફરી વળતાં ૮ મહિલાનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. થોડા મહિનાઓ પહેલાં જ એક બસમાં આગ ફાટી નીકળતાં ૧૦ મહિલા-બાળકો સહિત ૨૫ પ્રવાસી જીવતાં ભડથું થઈ ગયાં. આ માર્ગ શરૂ થયો પછી આ એક્સપ્રેસ હાઈ-વે પર કુલ ૧૪૦૦થી વધુ અકસ્માત સર્જાયાં છે, જેમાં ૧૪૫થી વધુ પ્રવાસીએ જીવ ગુમાવ્યા છે. આમ મહામાર્ગ આજે જાણે મોતની 'સમૃદ્ધિ' બની ગયો છે એ પણ વિધિની કેવી વક્રતા!

### ઈશિતાની એલચી

**સફળ વાણિયા-વેપારીનો એક જ સિદ્ધાંત :**
**લિખ કે દે-લે કે લિખ!**